ડોલોરેસ હુએર્ટા

લોકોનો અવાજ

ફ્લોરા ફ્રોસ ચિત્ર: રોબર્ટ કેસિલા



ડોલોરેસ હુએર્ટા

લોકોનો અવાજ





ડોલોરેસ હુએર્ટાનો જન્મ 1930 માં મેક્સિકો રાજ્યમાં થયો હતો. એનો પરિવાર ગરીબ હતો. પણ એ ભાગ્યશાળી હતી. એના માતા-પિતા લોકોની સેવા કરવાવાળા હતા.

નાની ડોલોરેસને લોકોનો સાથ પસંદ હતો. હકીકતમાં, એને વાતો કરવાનું એટલું પસંદ હતું કે એના દાદાજીએ એને "સાત-જીભ" વાળી છોકરી નામ આપ્યું હતું.

એના પિતા ખાણમાં અને ખેતરોમાં કાળી મજૂરી કરતા હતા. ખાણીયા અને ખેત મજૂરોને દિવસના ઘણા લાંબા કલાક કામ કરવું પડતું હતું. પણ એને બહુ મહેનતાણું ન મળતું. જુઆને પરિસ્થિતિ બદલવાની કોશિશ કરી. એ ફરી સ્કૂલ ગયા. પછી એને ન્યૂ મેક્સિકોમાં એક નેતા તરીકે ચૂંટવામાં આવ્યા અને મેક્સિકન-અમેરિકનોને અધિકાર અપાવવામાં મદદ કરવાનું કામ મળ્યું. ડોલોરેસને એના પીતા પર ગર્વ હતો અને એણે હમેશા ગરીબો માટે સારું કામ કરવાની કોશિશ કરી, જેમ એના પિતાએ કર્યું હતું.




જયારે ડોલોરેસ પાંચ વરસની હતી, ત્યારે એ એની માઁ અને ભાઈઓ સાથે કેલિફોર્નિયા જતી રહી. એની માઁ ત્યાં એક રેસ્ટોરન્ટ અને હોટેલ ચલાવતી હતી. ડોલોરેસ અને એના ભાઈ એમાં એની મદદ કરતા હતા. માઁ નો વિશ્વાસ એના પતિ જેવોજ હતો: "આપણે હંમેશા બીજાની મદદ કરવી જોઈએ." ઘણીવાર એ ખેતમજૂરોને એની હોટેલમાં મફત રહેવા દેતી હતી.





નાની ડોલોરેસ બહુ વ્યસ્ત રહેતી હતી. એ એની માઁ ની મદદ કરતી હતી. એ એક ગર્લ સ્કાઉટ હતી. એ ગીત ગાતી હતી. એ નૃત્ય અને પિયાનો શીખતી હતી. ડોલોરેસને ઘણી જાતના લોકોને મળવાનો મોકો મળ્યો. એણે શીખ્યું કે બધા લોકો અંદરથી એક જ છે.





ડોલોરેસ મોટી થઈને એના માતા-પિતા જેવીજ બનવાનું ચાહતી હતી.એના પિતાની જેમ, એ પણ કોલેજ ગઈ, અને પછી એ એક ટીચર બની ગઈ. મોટે ભાગે એ ગરીબ ખેતમજૂરોના બાળકોને જ ભણાવતી હતી.


એના વર્ગખંડમાં એણે એવા બાળકો જોયા જે ભૂખ્યા હતા અને જેની પાસે પગરખાં ન હતા. એ એનું બહુ ધ્યાન રાખતી હતી.

"હું એની મદદ કરવા બીજું શું કરી શકું છું," ડોલોરેસે વિચાર્યું.



ડોલોરેસ જાણતી હતી કે સ્થળાન્તર મજૂરોના પરિવારનું જીવન બહુ મુશ્કેલ હોય છે. એને એક સ્થાનથી બેજા સ્થાન પર જઈને પાકની લણણી કરવાની હોય છે. એ મજૂર આખો દિવસ, આખી સાંજ, અડધી રાત પછી પણ, રણ, પહાડો અને શહેરોમાં વાહન ચલાવતા હોય છે. જયારે એ આગલા ખેતરમાં પહોંચે છે, તો ત્યાં એ ફળ અને શાકભાજી તોડે છે. પછી એ એને પેક કરે છે.

એના બાળકો એક સ્કૂલમાંથી બીજી સ્કૂલમાં જાય છે. એને જાણ નથી હોતી કે એ એક સ્થાન પર કેટલો સમય રહેશે. એની પાસે લાઈબ્રેરીમાંથી પુસ્તકો ઉધાર લેવાનો અથવા સારા મિત્રો બનાવવાનો સમય નથી હોતો.





નોકરી કરતા પ્રવાસી મજૂરોને ઇજા થઈ શકે છે. કીડાંને મારવા માટે વનસ્પતિ પર છાંટવામાં આવતા કેમિકલ પણ મજૂરોને બીમાર કરી શકે છે. ખેડૂત પ્રવાસી મજૂરોને રહેવા માટે ઘર તો આપે છે, પણ એ ઘર સારા નથી હોતા. ઘણાની અંદર શૌચાલય અથવા વહેતુ પાણી પણ હોતું નથી.

ડોલોરેસ મજૂરોના બાળકોને ભણાવીને એની થોડી મદદ કરી રહી હતી. પણ એક દિવાસ એણે વિચાર્યું કે એ થોડી વધારે મદદ કરી શકે છે.

"મારી પાસે એક પ્રભાવશાળી અવાજ છે," એણે કહ્યું. "હું ખેતમજૂરોના બાળકો માટે મારો અવાજ ઉઠાવીશ."







એટલે જે છોકરીને વાતો કરવાનું પસંદ હતું એણે લોકોને સંગઠિત કરવા એના અવાજનો ઉપયોગ કર્યો. એણે સ્થળાન્તર મજૂરોની સમસ્યાઓ વિષે દુનિયાને જણાવ્યું.

ડોલોરેસે એના માતા-પિતા પાસેથી ઘણું શીખ્યું હતું. એના પિતાની જેમ, એ પણ એક સારી નેતા અને વક્તા હતી. એની માઁ ની જેમ, એ પણ લોકોની પરવા કરતી હતી. એ લોકોને એવો અનુભવ કરાવી શકતી હતી કે આધાર માટે કોઈનો મજબૂત ખભો હોવો જરૂરી છે.

થોડા સમયમાં ડોલોરેસ સિઝર શાવેઝ નામના માણસને મળી. એ પણ પ્રવાસી મજૂરો ની મદદ કરવા કામ કરતો હતો. ડોલોરેસ અને સિઝર જાણતાહતા કે બે પ્રભાવશાળી અવાજો એક અવાજ કરતા વધારે બુલંદ હતા. એણે કૃષિ શ્રમિકોની સહાયતા માટે એક સંગઠન શરુ કર્યું. એનું નામ નેશનલ ફાર્મ વર્કર્સ એસોસિએશન એટલે NFWA હતું. એ સંગઠનમાં ઘણા લોકો સામેલ થયા. એ બધા પોતાના અધિકારો માટે લડવા લાગ્યા.



સિઝર અને ડોલોરેસે ખભે-ખભા મિલાવીને કામ કર્યું. એ જાણતા હતા કે ખેતરના માલિક, મજૂરોને વધારે પૈસા આપવા ઇચ્છતા ન હતા, અથવા એને સારું ઘર આપવા ઇચ્છતા ન હતા. ડોલોરેસ અને સિઝર જાણતા હતા કે ક્યારેક એમને સંકટનો સામનો પણ કરવો પડશે. પણ એ એનાથી ડરતા ન હતા. ડોલોરેસ અને સિઝરે જોરદાર ભાષણો આપ્યા. એમણે શ્રમિકોને જણાવ્યું કે એ માલિકો પાસેથી કેવી રીતે વધારે પૈસા અને વધારે સારું ઘર પ્રાપ્ત કરી શકતા હતા. વર્ષોની મહેનત પછી, મજૂરો માટે સ્થિતિ સુધરવા લાગી.





ડોલોરેસનું જીવન બહુ વ્યસ્ત હતું. એને અગિયાર બાળકો હતા! તો પણ એના હૃદયમાં બીજા માટે જગ્યા હતી.

આજે, ડોલોરેસ હુએર્ટાને ઘણા લોકો પ્રેમ કરે છે. એણે ઘણા ઇનામો અને પદક જીત્યા છે. અને એ હજી પણ દુનિયાને બદલવાની વાત કરે છે. અને જયારે એક સાથે "સાત-જીભ" બોલે છે, ત્યારે લોકો એને અચૂક સાંભળે છે!

સમાપ્ત